ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

## શહેર-જિલ્લા કોંગ્રેસના અગ્રણી નેતા

# વિક્રમસિંહ ખાચરના યુવાન દિકરાનું માર્ગ અકસ્માતમાં કરૂણ મોત

**એન્જીનીયરીંગનું છેલ્લુ પેપર આપીને કલોલથી બાઈક લઈને નિકળેલા ૨૩ વર્ષના દિકરાને સરગાસણ નજીક બેફામ આવતી છોટાહાથીએ ટક્કર મારી : શહેરમાં શોકનો માહોલ**





ગાંધીનગર, તા. ૨૯

કલોલ ખાતે ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા કોંગ્રેસના અગ્રણી નેતા વિક્રમસિંહ ખાચરના દિકરાને આજે સમી સાંજે સરગાસણ સર્કલ નજીક આશ્કા હોસ્પિટલ સામે માર્ગ અકસ્માત નડ્યો હતો. રસ્તાનું કામ ચાલતુ હોવાથી એક તરફનો માર્ગબંધ કરાયો હતો. દરમ્યાન બાઈક અને છોટાહાથી વચ્ચે ગામખવાર અકસ્માત સર્જાતા બાઈક ચલાવી રહેલો વિક્રમસિંહ ખાચરનો જવાનાજોધ દિકરો ગંભીર રીતે ઘવાયો હતો અને તેનુ સ્થળ પર જ અવસાન થઈ ગયુ હતુ. આ ઘટનાથી શહેરમાં શોકની કાલીમા છવાઈ જવા પામી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અગ્રણી નેતા વિક્રમસિંહ ખાચરનો ૨૩ વર્ષીય દિકરો કલોલ ખાતે ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીમાં એન્જીનીયરીંગના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતો હતો. રાંદેસણ સીટીપલ્સ નજીક પ્રમુખ રેસીડેન્સી ખાતે રહેતો ૨૩ વર્ષીય યુવરાજસિંહ વિક્રમસિંહ ખાચર આજે કલોલ ખાતે કોલેજમાં ચાલી રહેલી પરીક્ષાનું છેલ્લી પેપર આપીને બાઈક પર પરત ફરી રહ્યો હતો.

સરગાસણ ચોકડીથી શાહપુર ચોકડી જતા એક તરફ રસ્તાનુ કામ ચાલે છે જેથી એક જ તરફનો માર્ગ ચાલુ હતો. સામસામે વાહનોની અવરજવર થતી હતી. દરમ્યાન સરગાસણ સર્કલથી શાહપુર સર્કલ તરફ યુવરાજસિંહ પોતાનું બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે આસ્કા હોસ્પિટલ સામે તેના બાઈકને સામેથી બેફામ ગતિએ આવતા છોટાહાથીએ જબરદસ્ત ટક્કર મારતા યુવરાજસિંહ ફંગોળાઈને રસ્તા પર પટકાયો હતો. માથે પહેરેલુ હેલ્મેટ ફાટી ગયુ અને માથે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ તેનું પ્રાણપંખેરૂ ઉડી જતા સન્નાટો છવાઈ જવા સાથે શહેરમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. ઈન્ફોસીટી પોલીસે છોટાહાથીના અજાણ્યા ચાલક સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે.

## મોડીસાંજે અંતિમ યાત્રામાં નગરના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા

ગાંધીનગર શહેરના આશાસ્પદ ઈજનેરી વિદ્યાશાખાના વિદ્યાર્થી યુવરાજસિંહ ખાચરના આજે માર્ગ અકસ્માતમાં થયેલા દુઃખદ અવસાનને પગલે સમગ્ર શહેરમાં ઘેરા શોખની લાગણી પ્રસરી જવા પામી છે.

આજે મોડી સાંજે સ્વ. યુવરાજની નીકળેલી અંતિમ યાત્રામાં શહેર-જિલ્લાના રાજકીય આગેવાનો, સહકારી આગેવાનો તેમજ પત્રકારો, વિદ્યાર્થી આગેવાનો અને વેપારીઓ, કર્મચારી આગેવાનો તેમજ સામાજિક સંગઠ્ઠનના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

અંતિમયાત્રામાં શહેર કોંગ્રેસના હોદેદારો તેમજ કાર્યકરો ઉપરાંત ભાજપના આગેવાનો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# સે-૨૪ અને સે-૬ માં ભયજનક આવાસના ૬ બ્લોક તોડી પડાશે

ગાંધીનગર તા ૨૯

શહેરના સે-૨૪ અને સે-૬માં ભયજનક બ્લોક તોડી નાંખવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ જોખમી ભાસતા અન્ય બ્લોક તોડવા માટે પણ સમયાંતરે દરખાસ્ત કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં આ સેકટરોમાં ૬ જેટલા બ્લોક તોડી નાંખવામાં આવશે.

શહેરમાં સરકારી આવાસોની સંખ્યા ૧૮ હજાર ૩૦૦ જેટલી હતી.જયારે દાયકાઓ જુના આવાસો પૈકી મોટાભાગના હાલ ખંડેર હાલતમાં છે. સરકારી આવાસોના મજબુતીકરણના અભાવે આવાસોની દશા દિનપ્રતિદિન કંગાળ બનતી જાય છે. શહેરમાં નિકાલ હેઠળના ભયજનક મકાનો તોડવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જે અન્વયે શેહરમાંથી ૧૯૦૦ જેટલા આવાસો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે તંત્ર દ્વારા સર્વેના અંતે અન્ય પણ

**જ, જ-૧ અને ચ-૧ કક્ષાના જોખમી આવાસો તોડી નાંખવા માટે તંત્રએ દરખાસ્ત કરી**

જોખમી બ્લોક તોડી નાંખવામાં આવ્યા છે. સર્વે દરમિયાન ભયજનક માલુમ પડતા બ્લોક તોડવા માટે તંત્ર દ્વારા તબક્કાવાર વિભાગને દરખાસ્ત કરવામાં આવે છે. જે અન્વયે વિભાગકક્ષાએથી મંજુરી આપવામાં આવ્યા બાદ ભયજનક આવાસોનો કડુસલો બોલાવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના આવાસો દાયકાઓના અંતે જોખમી બનતા જાય છે. જુદી જુદી કેટેગરીના મકાનોના મજબુતીકરણનુ કામ પણ મંદ ગતિએ હાથ ધરવામાં આવે છે. જો કે હાલ તો સેકટરોમાં મકાનોના રીનાવેશનની કામગીરી ઠપ્પ થઈ ગઈ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. ત્યારે રહેણાંકને લાયક મકાનોની સંખ્યા પણ ઘટી છે. હજુ પણ સેકટરોમાં જોખમી આવાસોનુ અસ્તિત્વ યથાવત છે. સેકટરોમાં સરકારી આવાસો ની સ્થિતિને ધ્યાને લઈ ભયજનક માલુમ પડતા આવાસોનો કડુસલો બોલાવવા માટે તબક્કાવાર તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવે છે. સે-૨૪ માં પણ જ-૧ કક્ષાના બે બ્લોક તેમજ સે-૬ માં પણ જ અને ચ-૧ કક્ષાના ત્રણ બ્લોક તોડવા માટે તંત્રએ વિભાગને દરખાસ્ત કરી છે.



સ્થાપના દિનની તૈયારીઓ - રાજ્યના સ્થાપના દિવસે પૂજ્ય રવિશંકર મહારાજની પ્રતિમાને પુષ્પાંજલિ થશે... ગુજરાત રાજ્યનો મંગલ પ્રારંભ કરાવનાર પૂજ્ય મહારાજની ઘ-૫ સર્કલ પર પ્રતિમા સ્થાપિત કરાઈ છે... રાજ્યના સ્થાપના દિવસ પૂર્વે પ્રતિમાને સ્વચ્છ અને પવિત્ર કરવા શહેરના મેયર અને અન્ય નગરસેવકોએ શનિવારે સાફ-સફાઈ કરી હતી...

# શહેરના ફતેપુરા અને પાલજમાંથી તાવના દર્દી વધુ મળ્યા : તાવના ૭૫ દર્દી મળ્યા

**હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ ત્રણ દિવસ માટે શહેરી વિસ્તારમાં લંબાવવામાં આવ્યુ**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં મેલેરિયાતંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ ૩જી મે સુધી લંબાવવાનો નિર્ણય કરેલ છે. તંત્રની ટીમોએ આજ સુધીમાં ૭૦ ટકા જેટલી વસ્તીને સર્વેલન્સમાં આવરી લઈ ૩૨ હજાર જેટલા મકાનોનું સર્વે કર્યું છે.

શહેરી મેલેરિયા તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર શહેરના પાલજ અને ફતેપુરા જેવા વિસ્તારોમાં આજે સર્વેલન્સ દરમ્યાન તાવના દર્દીઓ વધુ મળ્યા છે. આજે સર્વેલન્સમાં ૭૫ તાવના દર્દીઓ મળી આવ્યા છે. જેમાં ૨૩ ફતેપુરા પંથકમાંથી તો ૧૨ જેટલા તાવના કેસ પાલજમાંથી મળી આવેલ છે. મળેલા તાવના દર્દીઓના લોહીના નમુના મેળવી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

છેલ્લા એક સપ્તાહથી ચાલી રહેલા આ સર્વેલન્સમાં ૨૩૯ તાવના દર્દીઓ મળી આવ્યા છે. સર્વેલન્સમાં એક લાખ ૬૦ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જે વિસ્તારો બાકી રહ્યા છે તે ૧, ૨ અને ૩ મે દરમ્યાન આવરી લેવામાં આવશે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે અત્યાર સુધીમાં સર્વેલન્સ દરમ્યાન ૨૭૭ જેટલા સ્થાનો પરથી મચ્છરોના લારવા મળી આવતાં ત્યાં પોરાનાશક કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હતી. આજના સર્વેલન્સમાં તાવની સાથે પોરા ધરાવતા પાત્રો પણ વધુ મળી આવ્યા છે. ૯૧ પાત્રોમાં મચ્છરોના પોરા જોવા મળ્યા હતા.

તંત્ર દ્વારા શહેરના ૬૩ જેટલા શૈક્ષણિક સંકુલોમાં પણ સર્વેલન્સ કરવામાં આવ્યું હતું. શહેરી મેલેરિયા તંત્રએ શહેરને ૭ જેટલા ભાગમાં વહેંચી અને સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે જે ઉલ્લેખનીય છે.

# સરઢવમાંથી ચિકનગુનિયાના બે વધુ શંકાસ્પદ દર્દીઓ મળી આવ્યા

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામમાંથી શંકાસ્પદ ચિકનગુનિયાના વધુ બે કેસ મળી આવ્યા છે. ત્રણ દિવસ અગાઉ જ ગામમાંથી ૮ શંકાસ્પદ કેસ મળી આવ્યા હતા. લોહીના નમુના જે પરીક્ષણ માટે મોકલ્યા હતા તેનો અહેવાલ તંત્રને મળ્યો નથી.

હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી આજ સુધીમાં ૯૩ ટકા તંત્રએ સંપન્ન કરી લીધી છે. જે વિસ્તારોમાં નબળી કામગીરી જણાઈ છે તેમને આજના દિવસે સર્વેલન્સ પૂર્ણ કરવા માટે જણાવાયુ છે.

મળતી વિગતો મુજબ તંત્રએ બે દિવસમાં ૭૦,૩૩૬ ઘરને સર્વેલન્સમાં આવરી લીધા હતા. તંત્રની ટીમોએ ૧૬૮૦ સ્થાનો પરથી લારવા શોધી કાઢી અને પોરાનાશક કામગીરી કરી હતી.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે મળેલા અહેવાલો પ્રમાણે વધુ ૫૭૦ જેટલા તાવના કેસો મળી આવ્યા છે. જેના લોહીના નમૂના મેળવી તપાસ હાથ ધરવા માટે લેબોરેટરીમાં મોકલી આપામાં આવ્યા છે.

સરઢવના રાવળવાસમાંથી બે કેસ શંકાસ્પદ મળ્યા છે. જો કે તેમની સારવાર શરૂ કરી દેવામાં આવી છે. આજે પણ મેલેરિયાની ટીમે ગામની મુલાકાત લીધી હતી.

**શ્રધ્ધાંજલિ સભા**
(ચતુર્થ પૂણ્યતિથી)
સ્વ.તા. ૩૦-૪-૨૦૧૩
**સ્વ.ફકીરભાઈ રઘાભાઈ વાઘેલા**
(પૂર્વ કેબિનેટ મંત્રી, ગુજરાત સરકાર)
"રડયા 'બેફામ' સૌ મારા મરણ પર એજ કારણથી,
હતો મારોજ એ અવસર ને મારી હાજરી નહોતી "
શ્રધ્ધાંજલિ સભા : તા.૩૦/૦૪/૨૦૧૭, રવિવાર સવારે ૯ : ૦૦ વાગ્યા થી ૧ : ૦૦ સુધી
સ્થળ :- નિવાસ સ્થાન પ્લોટ નં ૧૦૬૪, હરિકૃપા સોસાયટી, સેક્ટર ૨/ડી, ચ/૨ સર્કલ ગાંધીનગર.

પરમ કૃપાળુ પરમાત્મા આપશ્રીના દિવ્ય, સત્કર્મી, પૂણ્યશાળી, ધર્મિષ્ઠ અને પદ દલિતોના શુભચિંતક, પરોપકારી આત્માને સદ્દગતિ અને ચિરશાંતિ અર્પે તેવી પ્રાર્થના....

**સ્વર્ગસ્થના ઋણી**
- પ્રવિણભાઈ બી. શ્રીમાળી
- વસંતભાઈ એલ. જાદવ
- કાંતિભાઈ એમ. પરમાર
- ચંદ્રવદન એમ. પરમાર
- ખોડીદાસ એન. મકવાણા
- દિલીપકુમાર મૌર્ય
- ધર્મેન્દ્ર એસ. ભાલકીયા
- નયનકુમાર એમ. સોલંકી
- ગોવિંદભાઈ પરમાર (પૂર્વ કોર્પો.)
- દુષ્યંતકુમાર બી. શ્રીમાળી
- ડો. જયંત શ્રીમાળી
- મહેશભાઈ સાધુ

રમીલાબેન કે. પરમાર, દક્ષાબેન એમ. પરમાર
બકુલાબેન એન. પરમાર, કાંતાબેન વી. ડોડીયા
ચંપાબેન વાઘેલા

**રાઠોડ કિશોરકુમાર અંબાલાલ**
(ગાયત્રી ડેકોરેટર્સ, પેથાપુર)

# સીટીપલ્સ નજીકની ખાનગી સોસાયટીમાંથી ૨૩ વર્ષીય યુવકને કોલેરા પોઝીટીવ જણાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકા રાંદેસણ પંથકમાંથી આજે કોલેરા પોઝીટીવનો કેસ મળતાં આરોગ્યતંત્રમાં હડકંપ મચી જવા પામેલ છે. એક જ સપ્તાહમાં આ બીજો કોલેરાનો કેસ નોંધાયો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કોલેરાના ત્રણ કેસ નોંધાયા છે અને ત્રણેય ગાંધીનગર તાલુકામાં નોધાયા છે.

સરગાસણની ૮ વર્ષીય બાલિકા કોલેરામાં ઝડપાઈ તેવા અખબારી અહેવાલોની હજુ શાહી પણ સુકાઈ નથી ત્યાં આજે રાંદેસણ-(સીટીપલ્સ)ની બાજુમાં આવેલી ખાનગી વસાહતમાંથી ૨૩ વર્ષીય યુવાનને કોલેરા પોઝીટીવ જણાયો છે.

આ યુવાન હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જ્યાં તેની સ્થિતિ સારી હોવાનું જાણવા મળેલ છે. ગઈકાલે રાત્રે આ યુવાન ઝાડા-ઉલ્ટીની ફરિયાદ સાથે સિવિલમાં દાખલ થયેલ જ્યાં તેના સ્ટૂલનું પરીક્ષણ કરતાં કોલેરા પોઝીટીવ જણાઈ આવેલ છે.

સિવિલ સત્તાવાળાઓએ આ અંગે જિલ્લા આરોગ્યના અધિકારીઓનું ધ્યાન દોર્યુ હતુ. આ પછી તુરત જ જિલ્લાતંત્રના અધિકારીઓ દોડ્યા હતા અને તાબડતોબ સર્વેલન્સની કામગીરી હાથ ધરી હતી. જો કે દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાંથી કોઈ અન્ય શંકાસ્પદ દર્દી મળી આવ્યો નહિ હોવાનું જાણવા મળેલ છે.

અડાલજ પછી સરગાસણ અને હવે રાંદેસણ નજીકથી કોલેરાનો દર્દી મળી આવ્યો છે. તંત્રએ આ પરિસ્થિતિને ગંભીરતાથી લીધી છે. તંત્રએ લોકોને અખાદ્ય પદાર્થો નહિ ખાવા તેમજ ખુલ્લામાં રહેલા પાણીનો ઉપયોગ નહિ કરવા માટેની સલાહ સાથે જનજાગૃતિ અભિયાન છેડવાનું નક્કી કર્યુ છે.

**ઘર બેઠા કામ**
પાસપોર્ટ / પાનકાર્ડ / ઈન્સ્યોરન્સ / જોબ એપ્લીકેશન / ટેન્ડર સબમીશન / પ્રોવિડન્ડ ફંડ / આઈટી રીટર્ન / ડિમેટ એકાઉન્ટ દરેક પ્રકારના Online કામ કરી આપવામાં આવશે.
સંપર્ક
મો. ૮૮૪૯૩ ૩૬૩૦૫
મો. ૯૪૨૬૨ ૬૫૭૨૨



ભંગાર હાલતમાં બેરીકેટ - રાજ્યના સ્થાપના દિન પૂર્વે શહેરમાં ટ્રાફીક અવેરનેસના કાર્યક્રમો યોજાયા ત્યારે બીજી બાજુ શહેરના અનેક સ્થાનો પર ટ્રાફીક નિયમન માટે મુકાતા બેરીકેટ ભંગાર હાલતમાં જ્યાં-ત્યાં નજરે પડે છે... ઉપયોગ ન લેવાતા બેરીકેટ એકત્ર કરાઈ કોઈ એક જગ્યાએ સંગ્રહિત કરાય તો વધારે ઉચિત ગણાય એટલું જ નહિ શહેરની શોભામાં અંતરાયરૂપ ન બને...

# સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાની કામગીરી ચોમાસા બાદ હાથ ધરાશે

**જુના અને નવા સેકટરોમાં માર્ગ સુધારણા માટે ૨૩ કરોડના ખર્ચની દરખાસ્ત**

ગાંધીનગર તા ૨૯

શહેરમાં પાંચ વર્ષના અંતે પણ સેકટરોના આંતરિક માર્ગાનુ કામ હાથ ધરાયુ નથી. નિયત સમય પુર્ણ થતા સેકટરોના મોટાભાગના રસ્તાઓ હાલ બદતર હાલતમાં છે. તંત્ર દ્વારા છેલ્લા બે મહીનાથી માર્ગ નવિનીકરણની દરખાસ્ત વિભાગને કરવામાં આવી છે. જુના અને નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણા માટે ૨૩ કરોડના ખર્ચનો અંદાજ દર્શાવાયો છે. પરંતુ હજુ સુધી આ દરખાસ્તને મંજુરી મળી નથી. ત્યારે ચોમાસા બાદ જ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે તેમ સ્પષ્ટ થયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

**PAAVAN**
HOTEL & GUEST HOUSE
LUXURIOUES ROOM
399/- ONLY
FREE WI-FI
A/C & NON A/C
Near Majra Chowkdi,Tajpur, Himatnagar Highway
From Mota Chiloda
15 Min

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com